ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

રાતભરની જિંદગી જીવે છે પાંખાળા મક્કડ!
રહે છે પ્રકાશમાં અને ઉડે જોઈને અક્કડ!
નથી કોઈ રો-કક્કડ સગાં-સ્નેહી કે સંબંધીની -
ખળડાવે છક્કડ માણસને એ જાય છે ફક્કડ!

ધાર જોઈને -
આ વીર પાણીવાળા,
ભરે છે પાણી...
(વણિક બુદ્ધિ...)

વગર ખર્ચે,
- ભીડની ચિંતા નહીં
થાય રોડ શો !
(- કહેવાય કાર્યક્રમ!)

હાઈકુ

## ચિંતન

આવાપો મન્ડલ નિવિષ્ટ:

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

વિદેશનીતિ મુખ્યત્વે અન્ય રાષ્ટ્રો અંગેની બાબતોને સ્પર્શે છે :

શત્રુદેશોની પ્રવૃત્તિઓ પર ચાંપતી નજર રાખનાર શાસક જ સફળતા સાથે પોતાનું શાસન સ્થિર રાખી શકે છે. આથી શત્રુ દેશો પર ચાંપતી નજર રાખવાનું કાર્ય એ કોઈ પણ રાષ્ટ્રની વિદેશનીતિનું મુખ્ય અંગ છે.

આજે ભારતની હિમાલય તરફની અને સમુદ્રી સીમાઓ પર આંખને મોતિયા આવ્યા છે - આતંકીઓ છીંડા શોધી આતંક ફેલાવે છે, આપણા મોતિયા મરી જાય છે. જાગૃત નગરની સીમા સબળ રાષ્ટ્રનો પુરાવો છે.

## સુવિચાર

- બોલબાલા જૂઠની જોયા કરો... સત્યના તો બસ પ્રયોગો થાય છે... - **મિલિન્દ ગઢવી**
- ભૂલવા જેવી વાતો યાદ છે એટલે સંબંધમાં વિવાદ છે - **અખંડ આનંદ**
- આપણા જીવનમાં કેટલીક ખાલી જગ્યા પુરાય નહીં તો વાંધો નહીં, પણ સ્વભાવ ને કારણે નવી ઊભી થાય તેની તકેદારી જરૂર રાખીએ - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- 'જીવનમાં હાર કયાં છે? કાં જીત છે, કાં શીખ છે!!' - **ચિત્રલેખા**
- કામનો અભાવ એ આરામ નથી, ખાલીપણું મગજને વધારે દુઃખી બનાવે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- વિશ્વને ગંદુ ના કહેશો કેમ કે તમે તમારા ચશ્મા સાફ કરવાનું ભૂલી ગયા છો - **અનામી**
- આ શરીર એ મારું નિવાસ સ્થાન છે - તે હું પોતે નથી - **રજનીશ**
- આજનું ઔષધ : રાઈનો ભૂકો અને મધ ભેળવી સુંઘ્યા કરવાથી શરદીમાં રાહત થાય છે

(સંકલન : દિપક વી. આશરા)

## બોધકથા

એક આશ્રમમાં ગુરુના શિષ્યોમાં એકબીજાથી ચડિયાતા છે તેવા દેખાવાની હરિફાઈ શરુ થઈ. ગુરુને જાણ થઈ એટલે એમણે શિયાળાની કડકડતી ઠંડીની રાતે સૌ શિષ્યોને પોતાના રૂમમાં બોલાવ્યા. અંગીઠીમાં કોલસા બરાબર સળગીને ગરમી ફેલાવી રહ્યાં હતા. ગુરુએ એક શિષ્યને કહ્યું, 'અંગીઠીમાંથી સૌથી વધુ ગરમી આપતો જે કોલસો છે તેને બરાબર કાઢી મારી નજીક મૂકો... શિષ્યે એક સૌથી વધુ ધગતો કોલસો અંગીઠીમાંથી કાઢી ગુરુની નજીક મૂક્યો થોડી જ વારમાં એ કોલસા પર રાખ બાઝી અને કોલસો ઠરવા લાગ્યો છેવટે એ સાવ ઠંડો કોલસો થઈ ગયો. ગુરુએ કોલસો બતાવ સૌને કહ્યું, 'તમે બધા જ્ઞાની-હોશિયાર હોવ પણ કોલસા જેવી ભૂલ ન કરશો. જયાં સુધી કોલસો અંગીઠીમાં હતો ત્યાં સુધી અંગારો બની ગરમી આપતો રહ્યો પણ જેવો અંગીઠીમાંથી દૂર થયો તો વધારે વાર પોતાનું અસ્તિત્વ ટકાવી ન શક્યો, હવે આ કોલસામાંથી આપણે ગરમી મેળવી ન શકીએ. દરેકની પોતાની જગા છે, મર્યાદા છે, ઉપયોગીતા છે, ખાસિયત છે. આપસૌમાંથી કોઈ નાનું કે કોઈ મોટું નથી. પોતે અન્ય કરતાં વધુ જ્ઞાની છે એવો દાવો અહંકારથી વિશેષ કંઈ નથી. જે પતનના રસ્તે દોરી જાય છે.'

સૌને ગુરુની વાત સાનમાં સમજાઈ ગઈ.

# લાલુ પરિવાર સામેનાં પગલાં બૂમરેંગ થઈ શકે છે

**તંત્રીસ્થાનેથી...**

બિહારની જનસંખ્યા અને સંસદ તેમજ ધારાસભામાં એની સભ્યસંખ્યા જોતાં એ ઉત્તરપ્રદેશ પછી સૌથી મહત્ત્વના રાજય તરીકે ઉપસી આવે. જો કે ઝારખંડ જુદું પડતાં એ સદસ્યોની સંખ્યા ઘટી છે. છતાં રાષ્ટ્રીય રાજકારણમાં બિહારનો દબદબો અકબંધ રહ્યો છે. આનું મૂળ કારણ છે હિંદીભાષી મેઈનલેન્ડમાં એનું વર્ચસ્વ. ગાંધીજીએ એમનો પહેલો સત્યાગ્રહ બિહારના ચંપારણમાં કરેલો તે ન ભૂલવું જોઈએ. બિહારે દેશને પ્રથમ રાષ્ટ્રપતિ આપ્યા છે, જયપ્રકાશ નારાયણ જેવા મહાન લોકનાયક પેદા કર્યા છે તો વળી દલિત નેતા હવા છતાં રાષ્ટ્રીય કક્ષાએ માતબર પ્રદાન કરી આગવું પ્રદાન કરનાર બાબુ જગજીવનરામ જેવા વરિષ્ઠ રાષ્ટ્રીય નેતા પણ બિહારનું જ પ્રદાન છે. આ બિહારમાં જ મગધ સામ્રાજ્ય ફાલ્યું ફૂલ્યું. ભગવાન બુદ્ધ, ચંદ્રગુપ્ત મૌર્ય અને ચાણક્ય કે પ્રિયદર્શી અશોક બિહારમાં જ જન્મી શકે. આજકાલ એક યા બીજા મુદ્દે બિહારના બે ધુરંધર રાજકીય નેતાઓ ચર્ચામાં રહ્યા કરે છે. નીતીશકુમાર કરતાં પણ પ્રજા પર લાલુપ્રસાદ યાદવની વધુ વગ ચાલે છે. એની પ્રતીતિ તો ગત વિધાનસભાની ચૂંટણીમાં ગઠબંધનને મળેલી બેઠકોના આંકડા દર્શાવે છે. લાલુપ્રસાદ યાદવ પર ચારા કૌભાંડોનો ગાળિયો પડેલો છે અને અદાલતે એમને અમુક સમયગાળા સુધી રાજકારણમાંથી આઉટ કરી રીતે પણ ખસેડી દેવાનો આદેશ કરેલો છે. પરંતુ લાલુ પ્રસાદ જુદી જ માટીના માનવી છે. અદાલતે એમને ગુનેગાર ઠેરવી જેલની સજા કરી હોવા છતાં અને પોતે ચૂંટણી નહીં લડી શકે એવી ખાતરી હોવા છતાં બિહાર તેમજ દેશના રાજકારણમાં લાલુ યાદવનો પ્રભાવ અકબંધ રહેવા પામ્યો છે. એમણે અગાઉ પણ જેલવાસ દરમિયાન પત્ની રાબડીદેવીને મુખ્યમંત્રી પદ સોંપી પ્રોક્સી શાસન ચલાવ્યું હતું. હાલ એમના બેઉ પુત્રો નીતીશ મંત્રીમંડળમાં મહત્ત્વનાં પદ સંભાળે છે, જે પૈકી એક તો નાયબ મુખ્યમંત્રી પણ છે. જયપ્રકાશ નારાયણની આગેવાની હેઠળ ઈંદિરા ગાંધી વિરુદ્ધ થયેલા આંદોલન વખતે લાલુ યાદવની મીસાના કાળા કાયદા હેઠળ ધરપકડ થયેલી. તે દરમિયાન રાબડીદેવીની કૂખે જન્મેલ કન્યાનું નામ મિસા ભારતી છે. લાલુ યાદવનાં એ પણ રાજકીય વારસ છે, હાલ રાજયસભાનાં સદસ્યા છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સિવાય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે કોઈ જ એક જ નેતાએ છાતી કાઢીને પડકાર ફેંક્યો હોય તો તે લાલુએ. લાલુ પ્રસાદ અનેક આક્ષેપોનો સામનો કરતાં કરતાં બલકે અદાલતે ગુનેગાર સાબિત કર્યા હોવા છતાં દેશના રાજકારણના એક મહારથી લોકનેતા છે. એમના હાકલા-ડાકલા હવે કેટલા કારગત નીવડશે તે પ્રશ્ન છે. 'ચારા કૌભાંડમાં સંડોવાયા પછી દેશ અને દુનિયામાં એમની ઈમેજને ભારે બટ્ટો લાગ્યો હતો. હવે જયારે ૨૦૧૯ની ચૂંટણીઓમાં વિપક્ષોનું મહાગઠબંધન રચવાના કન્સેપ્ટ સાથે લાલુ યાદવ આગળ વધી રહ્યા છે ત્યારે બરાબર સમયસર એમને કદ મુજબ વેતરી નાખવાનું રાજકારણ શાસક ભારતીય જનતા પાર્ટી અને કેન્દ્રની મોદી સરકારના ઈશારે શરું થયું હોય એવું લાગે છે. સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડાયરેકટોરેટ (ઈડી) બેઉએ તેજસ્વી યાદવ, રાબડી દેવી અને મિસા ભારતીની મિલકતો પણ દરોડા પાડી લાલુપ્રસાદ યાદવની અને પરિવારની ઊંઘ હરામ કરી દીધી છે. સરકાર હરહંમેશા વિરોધીઓને ચૂપ કરાવા માટે આવાં જ કાયદાકીય હથિયાર ઉગામતી હોય છે. માની લઈએ કે લાલુ પરિવારે કૌભાંડો આચરીને વિશાળ સંપત્તિ એકઠી કરી જ હશે; શ્રેષ્ઠ માર્ગ એ છે કે આવી બેનામી મિલકતો અથવા કાળાં નાણાંને ધોળા કરવાના કૌભાંડોમાં સંડોવાયેલ તમામ રાજકીય આગેવાનોની પક્ષાપક્ષી વગર તપાસ થાય. શું શાસક પક્ષમાં બધાં જ હંસ છે અને વિપક્ષમાં જ બગલા છે? લાલુ યાદવની જેમ બીજા ઘણા નેતાઓએ આવા કારસા કરી મિલકતો બનાવી હશે, પણ એમની સામે સીબીઆઈના ડાઘિયા છૂટા મૂકી દેવાયા નથી કે નથી એમને ત્યાં ઈડીના દરોડા પડ્યા. કાગડા બધે જ કાળા હોય, તો આવાં ભ્રષ્ટાચારી કૃત્યોમાં જૂજ અપવાદો સિવાય વધતા ઓછા અંશે બધા જ રાજકારણીઓ સંડોવાયા હોવા જોઈએ.' ત્યારે માત્ર લાલુપ્રસાદ પરિવારને જ ટારગેટ કરવાનો સરકારી નિર્ણય બૂમરેંગ પણ થઈ શકે. લાલુ પ્રસાદને બિહારની પ્રજાની પ્રચંડ સહાનુભૂતિ પણ સાંપડી શકે. જો કે આવા 'કૌભાંડી' નેતાના રાજકીય વજૂદને મહાગઠબંધની રાજનીતિ શરુ થાય તે પહેલાં જ તોડી પાડવાનો વ્યૂહ કદાચ ભાજપ અને સાથી પક્ષોને ફાયદારુપ પણ બની શકે. નીતીશ કુમાર અને લાલુપ્રસાદ યાદવ વચ્ચે તિરાડ પડાવવામાં આંશિક રીતે સફળ થયેલ ભાજપ માટે કદાચ લાલુ યાદવને ચૂંટણી પહેલાં જ રાજકીય રીતે નેસ્તનાબૂદ કરવા પડે એવી અનિવાર્યતા ઊભી થઈ છે કારણ કે લાલુ યાદવ અખિલેશ અને માયાવતીને કોંગ્રેસની નેતાગીરીવાળા મહાગઠબંધન સાથે જોડવાનો દાવો કરી ચૂક્યા છે.

# ન્યાયાધિશોએ સંવેદનાશીલ બની મહિલાઓના કેસોમાં ચુકાદા આપવા જોઈએ : સુપ્રિમ કોર્ટ

**કાયદાને લાગણી સાથે સબંધ નથી તે માન્યતા બદલવી જોઈએ પીડિતા પ્રત્યે લાગણી, સહાનુભૂતિપૂર્વક વર્તન કરવું જોઈએ**




સુપ્રિમ કોર્ટે તાજેતરમાં જણાવ્યું કે સામાજીક રીતે સંવેદનશીલ જજ જ મહિલાઓ પ્રત્યે થતા અપરાધ સામે દંડાત્મક તેમજ શિક્ષાત્મક રીતે ચુકાદા આપી શકે છે તેથી જજોએ મહિલાઓના સામેના કેસોમાં સંવેદનશીલ બનવું જોઈએ. યોન શોષણના કેસોમાં સંવેદનશીલ બનવું જોઈએ યોન શોષણ હોય, બળાત્કારના કેસો હોય કે શારીરિક, માનસીક ત્રાસના મહિલાઓ વિરૂધ્ધ થતા અપરાધોમાં મહિલા પીડિતાની જુબાનીને શકથી જોવી જોઈએ નહિ કારણ કે સ્વાભીમાન ધરાવતી કોઈપણ મહિલા પોતાના વિરૂધ્ધ થયેલ શોષણના અપરાધમાં જુઠું બોલી ખોટા આરોપ આરોપી સામે લગાવી પોતાનું સ્વમાન દાવ ઉપર લગાવી શકતી નથી.

સામાન્ય રીતે પીડિતાની જુબાની ઉપર શક કરવો જોઈએ નહિ ટેકનિકલ કારણોમાં કે કાયદાકિય આંટઘૂંટીમાં ઉંડા ઉતર્યા સીવાય મહિલાઓ રજુ કરેલ વિતક કથાને સંવેદનશીલ રીતે ધ્યાને લેવી જોઈએ જયાં સુધી મહિલાની જુબાનીમાં ગંભીર ખામીઓ કે દોષો કે વિસંગતતા પ્રથમ દ્રષ્ટીએ ધ્યાનમાં ના આવે ત્યાં સુધી મહિલાની જુબાનીને પ્રાથમિકતા આપી સહાનુભૂતિ પૂર્વક વિચારી ફેંસલો આપવો જોઈએ.

સુપ્રિમ કોર્ટે જણાવ્યું કે આવા કેસોમાં કાયદામાં પીડિતાની જુબાની તથા બચાવને પુષ્ટીકરણની અનિવાર્યતામાં પડયા સીવાય આરોપીઓને માત્ર મહિલાના બયાન કે જુબાનીના આધાર ઉપર જ અપરાધી ઠરાવી શકાય છે જો આવી જુબાની સ્વભાવિક અને વિશ્વાસનીય પ્રથમ દ્રષ્ટીએ લાગતી હોવી જોઈએ.

ભારતીય પુરાવા અધિનિયમના સિધ્ધાંતો નિયમોને ઝડતાથી પકડી રાખવા જોઈએ નહિ. ઘણા સમયથી ન્યાયતંત્રમાં સાક્ષી કે પીડિતાની જુબાનીને પુરાવામાં તુલનાત્મક રીતે વર્ણવી એક સૂત્રતા જાળવવાનો પ્રયાસ કર્યા બાદ જ આરોપીને કસુરવાર ઠરાવવામાં આવે છે. સાયોગીક પુરાવા તથા જુબાની આધારીત સાબીતીઓ જયાં ગુન્હો બનવા પામ્યો છે તે સ્થળની તપાસ તથા ગુન્હાવાળી જગ્યાએથી મળેલ આરોપીઓ વિરૂધ્ધના પુરાવાઓ ધ્યાને લઈ ત્યારબાદ જ જુબાની સાચી માનવામાં આવતી હોય છે ઘણી વખત લાંબા સમયના કારણો ઘણા પ્રસંગો તથા પરિસ્થિતિ પુરાવાઓથી વિપરીત રીતે રજુઆત થયેલ હોય સ્થળ તારીખમાં અસમાનતા આવતી હોય તથા બનાવની ઘટનામાં પણ મળેલ પુરાવાથી ભીન્ન પ્રકારની હક્કિત સામે આવતી હોય તો તે ટેકનિકલ કારણોમાં પડયા સીવાય પીડિતાની જુબાનીને વિશ્વાસનીયતાથી અને સ્વાભાવિકતાથી મુલવી

અનુસંધાન પાના નં. ૭ પર

# આજના માનવીની વાત સમજણથી પરે છે, સંભાવનાની વાત પણ એ ખાતરીથી કરે છે

**બસ એટલી સમજ મને પરવર દિગાર દે,**
**સુખ જયારે જયાં મળે, બધાના વિચાર દે.**

**- મરીઝ**

સમય સાથે કેટકેટલા ફેરફારો આપણી જીવનશૈલીમાં રોજીંદા કાર્યોમાં, તેમ જ વર્તન-વ્યવહારમાં પણ આવ્યા હશે! પરિવર્તન અને ગતિશીલ રહેવું એ જ આમ તો જીવનનો ક્રમ પણ છે. છતાં પાછળ કંઈ છૂટતું ગયું હોય એવો ખાલીપો શા માટે અનુભવાતો હશે ? સમય જતાં વ્યક્તિ અભિવ્યક્તિમાં ખૂબ વધુ કુશળ બની ગયો છે. વોટ્સએપ, ફૅસબુક, ટ્વિટર, ઈન્ટાગ્રામ, સ્નેપચેટ આ બધું તો ખરું જ સાથોસાથ જાતજાતના દિવસોની ઊજવણી જેમ કે, મધર્સ ડે, ફાધર્સ ડે, ડૉકટર્સ ડે. આપણી લાગણી, આપણી સંવેદના, આપણા મનના ભાવ આપણે મુક્તપણે જાહેર કરતાં થયા છીએ. છતાં આ બધું બહારથી સુંદર અને અંદરથી ખોખલું લાગતું હોય તો આ વિષે વિચારવાની ખૂબ જરૂર જણાય છે. પ્રેમ, લાગણી કે કૃતજ્ઞતા દર્શાવવાનો એક દિવસ માત્ર શા માટે ? એ તો હરહંમેશ મનમાં હોય જ છે. હમણાં જ આપણે સૌએ 'ડૉકટર્સ ડે' પર પોતપોતાના ફેમીલી ડૉકટર્સને ઘણી શુભેચ્છાઓ પાઠવી. ડૉકટર પ્રત્યે અહોભાવ અને આદર પણ દર્શાવ્યો. જે ચોક્કસપણે ખૂબ જ પ્રશંસનીય બાબત છે. પણ અજાણતાં કયારેક આપણે આ ડૉકટર્સને **Super human** માની બેસવાની ભૂલ કરી બેસીએ છીએ. બધું બરાબર અને સારી રીતે ઠીક થઈ જાય ત્યારે ખુશ થઈએ અને આભાર દર્શાવીએ તે સારી બાબત છે પણ જો કયાંક કોઈ ક્ષતિ જણાય તો આપણે સંવદેનામાં વહી જઈને સાવ અણછાજતું વર્તન કરી બેસીએ છીએ.

ડૉકટર બનવા માટેનું વાંચન, ત્યારબાદ દિવસરાતની મહેનત, ઉજાગરા, કયારેક રેગીંગ, કામનું વધુ પડતું પ્રેશર આ તમામ બાબતોમાંથી પસાર થઈને એક ડૉકટર તૈયાર થાય છે. તબીબ ભણીગણીને તૈયાર થાય. ત્યારે તેનામાં મહેનત, લગન અને ધગશ ભરપૂર માત્રામાં જોવા મળે છે. સમાજ માટે, દર્દીઓ માટે કંઈક કરી છૂટવાની આશા સાથે તે આ વ્યવસાયમાં પ્રવેશ છે. દિવસરાત જોયા વિના લોકોના દર્દ ઓછા કરવાના પ્રયાસ પણ કરે છે. પણ ઘણીવાર દર્દીઓ તેમના આ પાસાને ભૂલી જઈને પોતાના પીડાને જ રડ્યા કરે છે. ઘણીવાર દર્દી પોતે નકારાત્મક વલણ સાથે આવે તેના કારણે પણ તેની સારવારમાં વિલંબ થાય છતાં દોષનો ટોપલો તબીબ પર ઢોળાવામાં આવે છે. ડૉ. નિમિત ઓઝા લખે છે તેમ, 'ડૉકટર એટલે ઈશ્વર નહિં, ડેફીનેટલી નહિ. એવું લાગે છે કે અચૂક લેવલ પર પહોંચી ગયા પછી તમને ભૂલો કરવાનો અધિકાર નથી હોતો. કદાચ લોકો તમને ઈશ્વરની કેટેગરીમાં મૂકવા લાગે છે. જે માણસો પર આપણે શ્રદ્ધા રાખવાની હોય છે, તે માણસો પાસેથી આપણે અપેક્ષાઓ રાખીએ છીએ.'

**'તબીબ છું, દર્દ પણ ખબર છે ને દવા પણ ખબર છે,**
**પણ કમબખ્ત એ વાતથી દર્દી સાવ બેખબર છે.'**

**- ડૉ. હિતેશ પટેલ**

ઈશ્વરે આજે પણ અમુક સત્તાઓ પોતાને હસ્તક જ રાખી છે. માટે જ ડૉકટર પણ પોતાનાથી બનતા પ્રયત્નો કરીને દવા અને દુઆ બંનેમાં સમાન શ્રદ્ધા રાખવા પર ભાર મૂકે છે. આપણે ઘણીવાર જોયું છે કે સાવ સામાન્ય ભણનાર વિદ્યાર્થીને અચાનક 12thમાં ખૂબ મહેનત કરીને ડૉકટર બનવાની ઈચ્છા થાય છે અને તે સફળ પણ રહે છે કારણ કે આ એકમાત્ર એવો વ્યવસાય છે જેમાં તમે માત્ર કમાતા નથી પરંતુ, સેવા પણ કરી શકો છો. પૈસા કમાવા કે ધનવાન બનવું એ બધાની મહત્ત્વાકાંક્ષા હોય જ છે પણ એના માટે અયોગ્ય કે અસૈદ્ધાંતિક રીત અપનાવવી એ આ પ્રોફેશનમાં એક અક્ષમ્ય ભૂલ ગણાય છે. પણ માત્ર ૫ થી ૧૦% લોકોના આ પ્રકારના આવા વલણના કારણે સમગ્ર મેડિકલ પ્રોફેશનને જ શંકાની દષ્ટિએ જોવું એ કેટલું વ્યાજબી ગણાય એ પ્રશ્ન આપણે આપણી જ જાતને પૂછવો રહ્યો.

'આપણા હક્કની ખેવના એટલી બધી ન કરીએ,
કે આપણી રીતભાત પણ ભૂલી જઈએ'

ડૉકટર પણ સામાન્ય વિચારસરણી ધરાવનાર એક સામાન્ય માણસ માત્ર જ છે. તે વાત આ એક ઉદાહરણ દ્વારા છે :




શુભાંગ જયારે લંડનમાં ડૉકટરીનું ભણતો હતો ત્યારે યુરોપમાં તબીબી ક્ષેત્રે 'કૃપામોત' અંગે ખૂબ ઉગ્ર ચર્ચાઓ ચાલી. શુભાંગનું કુટુંબ ગાંધીવાદી વિચારધારાથી રંગાયેલું. એ ડૉકટર થવા વિલાયત ગયો ત્યારે જ પિતાએ એની પાસેથી વચન લીધેલું કે એ પરત આવે ત્યારે પ્રથમ પાંચ વર્ષ પોતાના વતન રાજકોટની સિવિલ હોસ્પિટલમાં સેવા આપવી, પછી જ ખાનગી પ્રેક્ટિસ અંગે વિચારવું. અને અમદાવાદ મુંબઈથી તેડાં આવવા છતાં તેણે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં જ સેવાઓ શરૂ કરી. એકવાર એક ગરીબ સિંધી વસ્તીની બાઈની દસમી ડિલીવરીના સમયે બાળકનો એક પગ ખાસ્સો ટૂંકો હતો અને તે ઝાંખું અને નિશ્ચેતન દેખાતું હતું. શુભાંગના મનમાં વિચારોનું ટોળું ઊમટી પડ્યું : 'શાને માટે હું આને જીવાડવાના પ્રયત્નો કરુ છું? દસમું બાળક અને એ પણ વિકલાંગ. કઈ તકો એને સુખી કરવાની રાહ જોઈને બેઠી છે? અન્ય બાળકો એને ખોડો... લંગડો નહિ કહે ? એને મરવા દઉં તો દુનિયાને એની કઈ મોટી ખોટ પડવાની છે ?' પણ બીજી જ ક્ષણે શુભાંગમાં રહેલો ડૉકટર એકદમ ઊછળી પડ્યો. બધા જ સવાલોને બાજુએ હડસેલી બાળકનાં ફેફસાંને સક્રિય કરવા શ્વાસ ફૂંક્યો. અને બાળકનો ઝીણો રડવાનો અવાજ શરુ થયો. રસ્તે એ સતત પગ પછાડતો રહ્યો : 'ખબર નહીં, શાને માટે આ બાળકને જીવાડવાનું શૂરાતન મેં બતાવ્યું? નવ બાળકો ઘરમાં ઓછાં હતાં કે આ દસમું બાળક પણ ભેટ આપ્યું ? અને તે પણ પાછું વિકલાંગ...?' એને મરવા દીધું હોત તો બાળક, કુટુંબ અને સમાજ વધારે સુખી ન થાત...?

વર્ષો વીત્યા. શુભાંગ ખૂબ સફળ થયો. તેણે યશ અને ગૌરવ પણ પ્રાપ્ત કર્યા. બાળકોના જન્મ સમયે મોતના મોંમાંથી બચાવનાર ચેમ્પિયન ડૉકટર બન્યો. કૃપામોત અંગેના યુવાનીના વિચારો હવે શમી ગયા. વ્યક્તિગત જીવનમાં એનો એક માત્ર દીકરો અને વહુ ચાર વર્ષની બાળકીને મૂકી અકસ્માતમાં અવસાન પામ્યા. ડૉકટરે પૌત્રી સલોનીને ઉછેરવા પોતાની પાસે રાખી. સલૌની આઠ વર્ષની થઈ અને એક સવારે ડૉક જકડાવાની અને હાથોમાં વિચિત્ર પ્રકારના દુ:ખાવાની ફરિયાદ સાથે ઊઠી. લાખો બળકોમાંથી એકાદને થાય એવા આ રોગ અંગે દાકતરી વિજ્ઞાન પણ હજી અંધકારમાં હતું. ન્યુરોલોજીસ્ટે સુરતમાં ડૉ. છાટવાણીને બતાવવા સૂચવ્યું. ત્યાં પહોંચ્યા બાદ જે દશ્ય જોયું તે જોઈને શુભાંગ જાણે નવી દુનિયામાં પ્રવેશી ચૂક્યો હોય તેમ તેને લાગ્યું. હોસ્પિટલમાં બધાં જ વિકલાંગ બાળકો, પરંતુ કોઈના મોં પર શાપિત હોવાનો જરા સરખો પણ ભાવ ન હતો. બાળકો તેમને ડૉ. ખોડીદાસ કહીને સંબોધતાં. ડૉ. છટવાણીએ કહ્યું મારું ખરું નામ શુભાંગ છે. જે ૩૨ વર્ષ પહેલાં યમરાજના હાથમાંથી પાછો ખેંચી લાવનાર પરોપકારી ડૉકટરના નામ પરથી મારી માએ પાડ્યું હતું. ડૉ. શાહને ૩૨ વર્ષ પહેલાંનો અટપટો ડિલીવરીનો કેસ યાદ આવ્યો. પેલો પ્રશ્ન પણ એમના ચિત્તમાં ચમક્યો : 'આ બાળકને મરવા દઈએ તો એમાં દુનિયાનું શું ખાટું-મોળું થઈ જવાનું છે ? એ દિવસોમાં પોતાના મગજ પર કૃપામોતનું કેવું ભૂત સવાર હતું એ પણ એમને યાદ આવ્યું. સલોનીને જે ફરી ચાલતી કરવાના હતા એ ડૉ. છટવાણી તરફ એમણે હાથ લંબાવ્યો અને મનમાં બોલ્યા : અંધ હોવા કરતાં તો લંગડા હોવું સારું છે.'

**- સુમંત દેસાઈ**

Last Seen :

**આજના માનવીની વાત સમજણથી પરે છે,**
**સંભાવનાની વાત પણ એ ખાતરીથી કરે છે.**

**- ડૉ. હિતેશ પટેલ**

- nehalgadhavi101@gmail.com

# ભારતીય અર્થતંત્રમાં જીએસટીના અમલથી નવક્રાંતિ

ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીના શાસન હેઠળ સમગ્ર દેશમાં સર્વપક્ષી સંમતિથી માલ અને સેવા કર (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ – જીએસટી)નો અમલ ૩૦ જૂન ૨૦૧૭થી મધરાતના સંસદભવનના ભવ્ય સમારોહથી આરંભાયો. મોદીશાસન સુધારાઓને સત્વરે લાગુ કરવાનું પક્ષધર છે. પ્રારંભમાં તકલીફો પડશે, પણ પૂર્વ વડા પ્રધાન અટલબિહારી

- જમ્મૂ-કાશ્મીરમાં ૩૭૦ હેઠળના અલગ બંધારણની આડશે છાણે વીંછી ચડાવવાનો અનુભવ
- ૧૯૯૧થી આરંભાયેલા આર્થિક ઉદારીકરણની દિશામાં અનિવાર્ય આગેકૂચનો નવો પ્રયોગ
- મુખ્ય મંત્રી તરીકે પોતે કેમ વિરોધ કરતા હતા એની વડા પ્રધાને વિગતે ચોખવટ કરી
- મોદીએ નેહરુ, સરદાર અને મૌલાનાનું સ્મરણ કર્યું, પણ શ્યામાબાબુનું નામ ના લીધું

વાજપેયી અને ડૉ. મનમોહન સિંહના શાસનકાળમાં અખંડ રીતે ચાલી આવેલી વિચારણા મુજબ સમગ્ર દેશમાં એક જ કરની પ્રક્રિયાને મોદી આગળ વધારી રહ્યા છે. ભારતીય બંધારણમાં સુધારો કરીને, તમામ રાજકીય પક્ષો અને વિવિધ પક્ષોથી શાસિત ૨૯ રાજ્યો તથા ૭ કેન્દ્રશાસિત પ્રદેશોમાં પાંચથી સાત સ્તરના કરવેરા સાથેના જીએસટી માળખાને લાગુ કરવામાં આવ્યું. સત્તાપક્ષ અને વિપક્ષ સંમત છે એના અમલની બાબતમાં. કૉંગ્રેસ તથા તૃણમૂલ કૉંગ્રેસનો વિરોધ માત્ર અડધી રાતે આઝાદીના ૧૪ ઓગસ્ટ ૧૯૪૭ના સમારંભની જેમ અડધી રાતે આર્થિક આઝાદીનું પર્વ ૩૦ જૂન ૨૦૧૭ની મધરાતે મનાવવા સામે હતો. વડા પ્રધાન થકી 'ઈવૅન્ટ મૅનેજમૅન્ટ' તરીકે એના આયોજન સામે વિપક્ષોનો વિરોધ-વાંધો હતો. અગાઉ ગુજરાતના મુખ્યપ્રધાન હતા ત્યારે નરેન્દ્રભાઈએ પણ જીએસટીના અમલ સામે વિરોધ નોંધાવ્યો હતો.જોકે તેમણે લોકસભામાં આ બાબત ચોખવટ કરીને જીએસટીના અમલને દેશની આર્થિક અને લોકતાંત્રિક વ્યવસ્થાને મજબૂત કરનાર લેખાવવાનું પસંદ કર્યુ હતું.જમ્મૂ-કાશ્મીર બંધારણની કલમ ૩૭૦ હેઠળ વિશેષ દરજ્જો ધરાવતું હોવાના કારણે તેની વિધાનસભા અને વિધાન પરિષદે પોતાની ખાસ સ્થિતિ અને સંજોગોમાંથી માર્ગ કાઢીને વિશેષ સત્ર બોલાવીને વિરોધવંટોળ વચ્ચે કેટલાક સુધારાની ભલામણ સાથે રાજ્યમાં પણ જીએસટીનો અમલ કરવાના સમર્થનમાં ઠરાવ કરીને રાષ્ટ્રપતિને એ પાઠવી દેવાનો નિર્ણય કર્યો હતો. જોકે આ મુદ્દો વિવાદનો બની રહેવાનો અને રાજ્યની પીડીપી-ભાજપ સરકારે છાણે વીંછી ચડાવવા જેવો ખેલો ખેલ્યો છે.

જીએસટીના અમલના પર્વને મનાવવા માટે ૩૦ જૂનની મધરાતે સમારંભ યોજાયો. એ વેળા જમ્મો-કાશ્મીરને એના અમલ હેઠળ લાવવામાં આવ્યું નહોતું,પણ હવે રાષ્ટ્રપતિ જાહેરનામું બહાર પાડીને એનો અમલ કરશે.જોકે ગુજરાત અને દિલ્હી તેમજ ચેન્નાઈમાં પણ જીએસટીના અમલ થકી વેપારી આલમનો ત્રાસ વધી જશે એવું જણાવતાં એની વિરુદ્ધમાં આંદોલન શરૂ થયાં છે અને એણે રાજકીય રંગ પણ પકડ્યો છે.સુરતમાં અત્યાર લગી આવા કરથી મુક્ત રહેલા કાપડના વ્યવસાય સાથે સંકળાયેલા ૭૫ હજાર જેટલા વેપારીઓએ હડતાળ પાડી વિરોધ નોંધાવ્યો, ત્યારે એમના પર પોલીસે લાઠીમાર ચલાવ્યો અને અમદાવાદ સહિતનાં અન્ય બજારોના વેપારીઓ પણ આંદોલનમાં જોડાયા છે,.જીએસટીના ટેકામાં હોવા છતાં વેપારીઓની કનડગત સામે કૉંગ્રેસ થકી વિરોધ નોંધાવાયો છે.સુરતમાં તો કૉંગ્રેસના પ્રભારી અશોક ગેહલોત અને પ્રદેશ કૉંગ્રેસના પ્રમુખ ભરત સોલંકી વેપારીઓના સમર્થનમાં આવ્યા ત્યારે ભાજપ તરફી વેપારીઓએ "મોદી મોદી"ના સૂત્રોચ્ચાર કર્યા હતા.હીરાના વેપારીઓ પણ જીએસટીના અમલથી નારાજ હોવાથી આંદોલન કરી રહ્યા છે.માથે ચૂંટણી હોય ત્યારે જીએસટી અમલથી સત્તાપક્ષને પ્રતિકૂળ અસર થવાની ગણતરી હોવાથી કેટલીક છૂટછાટો અપાવાની શક્યતા છે.




૩૦ જૂનના સમારંભના પ્રારંભમાં નાણા પ્રધાન અરુણ જેટલીએ જીએસટી અમલી બનાવવામાં જે તમામનો સહયોગ મળ્યો એ બધાનો આભાર માનતાં આર્થિક આઝાદી ભણી આગેકૂચનાં મંડાણનું એલાન કર્યું. દોઢેક દાયકા દરમિયાન જીએસટી અમલી બનાવવા માટે સર્વપક્ષી પ્રયાસો થયા. રાજ્યો અને કેન્દ્રની સરકારો માલ અને સેવાઓ પર અલગ અલગ પ્રકારના ૧૭ કર અને ૨૩ ઉપકર (સેસ) વસુલ કરતી રહ્યાને કારણે પ્રજા અને વેપારીઓની હાલાકી વધતી હોવાથી કરમાળખાના સરળીકરણ માટે સમાન ધોરણે વિવિધ રાજ્યોમાં જીએસટી અમલી કરવાનું પસંદ કરાયું છે. અલગ અલગ દેશોમાં એકસમાન કરના દર અમલી હોય છે એવું ભારતમાં અત્યારના તબક્કે શક્ય બન્યું નથી. જોકે, કેન્દ્ર અને રાજ્યોના નાણા પ્રધાનોની બનેલી જીએસટી કાઉન્સિલની અત્યાર લગી મળેલી ૧૮ બેઠકો પછી મળનારી બેઠકોમાં એ દિશામાં પગલાં લઈ શકાશે. સ્વયં વડા પ્રધાન મોદીએ પણ પ્રારંભિક અગવડોના અનુભવ છતાં લાંબે ગાળે જીએસટી સારાં પરિણામો લાવનાર રહેશે અને ગરીબ વર્ગને એનાં સુફળ ચાખવાનો અવસર મળશે, એવી ધરપત આપી છે જરૂર. સમગ્ર દેશમાંથી વેપારી આલમે જીએસટી સામે નોંધાવેલા વિરોધથી સરકાર અજાણ નથી. જીએસટી લાગુ કરવામાં ઉતાવળ કરાયાનું અને એ વિશે જનતાને પૂરતી વાકેફ નહીં કરાઈ હોવાનું સત્તાધીશો અનુભવી રહ્યા છે. જોકે, વડા પ્રધાન મોદી 'મેન ઈન હરી' છે. આગામી ૨૦૨૨માં ૭૫ વર્ષની-સુવર્ણ પર્વની ઊજવણી કરવા ઉત્સુક છે. અગાઉ આઝાદીનાં ૨૫ વર્ષ (રજત જયંતી) અને ૫૦

અનુસંધાન પાના નં. ૭ પર